ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૮/૨૦-૨૧/ 1203 તારીખ : 06 APR 2021

કેસ ન. ૯૮/૨૦-૨૧

પ્રતિશ્રી,
કુંવરસિંહ ટપુભા ગોહિલ,
કે.ઓ. રામદેવસિંહ કે. ગોહિલ,
મુ. ભીકડા, તા. ઘોઘા,
જી. ભાવનગર.
**મો : ૯૮૯૮૨ ૧૩૯૦૨.**

**વિષય : અમોને એકી સાથે આપેલ પેન્ડીંગ યુનિટના બીલ બાબત.**
સંદર્ભ : આપનો પત્ર તા. ૦૪.૦૩.૨૧,

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

૧) અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, **ભાવનગર**. જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, **ગ્રામ્ય ભાવનગર.**
3) નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૯૮/૨૦-૨૧ નો હુકમ

વાદી **કુંવરસિંહ ટપુભા ગોહિલ, વરતેજ,** દ્વારા તેમના વીજ કનેક્શનનું મોટી રકમનું બીલ મળવા બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં ઝેડ/ફોરમ /૯૮/૨૦- ૨૧/૮૨૩ તા.૦૫.૦૩.૨૧ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની વરતેજ પેટા વીભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા જરૂરી તપાસ કરી વાદીના ઘર વપરાશના વીજ કનેક્શનનું મોટી રકમનું બીલ શરતચૂક થી અપાયેલ હોય રદ કરવાપાત્ર છે તથા તે રકમ અરજદારે ભરવાપાત્ર નથી તેમ જણાવેલ છે તથા તેની જાણ અરજદાર ને પણ પત્ર ન.વીટીએસડી/ટેક/૮૦૭૪ તા. ૨૪.૦૩.૨૧. થી પણ કરી આપેલ છે. અને વાદીની ફરિયાદ નું નિરાકરણ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા પત્ર ન. ૨૦૪૫ તા. ૨૪.૦૩.૨૧ તેમજ વાદી પણ આજની સુનાવણીમાં હાજર રહેશે નહિ અને તેમની લેખિત રજૂઆતને આધારે હુકમ કરવા તેમના તા. ૨૫.૦૩.૨૧ પત્ર દ્વારા પણ જણાવેલ છે આમ વાદીની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ છતાં વાદીને સદર હુકમ સામે વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| ગેરહાજર | | |
| (શ્રીમતી જે. એમ. મેહતા) | (પી. એન. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ : ૨૫.૦૩.૨૦૨૧.